બીન સરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓની પેન્શન યોજના... ગ્રાન્ટ ન લેતી શાળાઓની નોકરી પેન્શન પાત્ર ગણવા અંગે.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ નં. એસએસએન-૧૧૭૭-૩૮૯૪-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૫-૨-૮૦

વંચાણે લીધો :

૧. ભુતપૂર્વ શિક્ષણ અને મજુર વિભાગનો તા. ૨૧-૧૨-૭૧નો સરકારી ઠરાવ નં. એસએસએન-૩૪૭૦-૪૬૮૪૫-ગ

૨. શિક્ષણ વિભાગનો પરિપત્ર નં. એસએસએન-૩૪૭૩-૩૨૭૯૯-ગ, તા. ૨૯-૫-૭૪.

૩. શિક્ષણ વિભાગનો તા. ૧૯-૧૨-૭૭નો ઠરાવ ક્રમાંક એસએસએન-૩૪૭૫-૮૪૫૪૮-૭૭-ગ

૪. શિક્ષણ વિભાગનો તા. ૩૧-૮-૭૯નો સરકારી ઠરાવ નંબર એસએસએન-૩૪૭૭-૧૦૬૯૫-ગ

૫. ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદનો તારીખ ૨૦-૧-૭૮નો પત્ર નં. ૧૮-મબશ-પેન-જનર-ધ-૨૦૯૫૧.

ઠરાવ :

સરકાર સહાયિત અને માન્ય બીન સરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓને તા. ૨૧-૧૨-૭૧ના ઠરાવ અન્વયે પેન્શન યોજનાનો લાભ આપવામાં આવ્યો છે. તેથી બીનસહાયિત માન્ય માધ્યમિક શાળાના કર્મચારીઓ પેન્શન યોજનામાંથી વંચિત રહે છે. આ શાળાઓના કર્મચારીઓને પેન્શન યોજનાનો લાભ આપવા બાબત કેટલાક સમયથી સરકારની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણા બાદ સ્વૈચ્છિક રીતે ગ્રાન્ટ ન લેતી તથા વહીવટી કારણોસર ગ્રાન્ટ ન આપવામાં આવતી હોય તેવી માન્ય માધ્યમિક શાળાઓ અને પ્રાથમિક અધ્યાપન મંદિરોના કર્મચારીઓને નીચેની શરતોએ પેન્શન યોજનાનો લાભ આપવાનું આથી સરકારશ્રી ઠરાવે છે.

૧. સ્વૈચ્છિક રીતે ગ્રાન્ટ ન લેતી માન્ય માધ્યમિક શાળાના કર્મચારીઓને શાળાની અંગત સી. પી. એફ. યોજના અન્વયે સંસ્થાએ આપેલો ફાળો અથવા જે તે વખતે અમલમાં હોય તેવા નિયમો હેઠળ આપવાનો થતો પેન્શન ફાળો એ બેમાંથી જે વધુ હોય તે રકમ સરકારમાં જમા કરાવવી.

૨. ગ્રાન્ટ ન આપવામાં આવતી હોય તેવી માન્ય માધ્યમિક શાળાઓના કર્મચારીઓ સી. પી. એફ. યોજનામાં જોડાયા હોય તો તે અંગેનો સરકારનો ફાળો અને સંસ્થાનો ફાળો સરકારી તિજોરીમાં જમા કરાવવો. આ માટે જે કોઈ સંસ્થાઓ સરકારના તા. ૨૯-૫-૭૪ના પરિપત્ર

....

તથા તા. ૩૧-૮-૭૯ના ઠરાવ અન્વયે કરવામાં આવેલી સ્પષ્ટતાઓ/જોગવાઇઓમાં આવી જતા હોય તો તે પ્રમાણે નિયમિત કરવાના છે.

/૩/ તા.૧૯-૧૨-૭૭ના ઠરાવ અન્વયે જુના મુંબઇ રાજ્યની નોકરી પેન્શનપાત્ર ગણવામાં આવી છે. તે ઠરાવમાંથી "સહાયિત" શબ્દ રદ કરવામાં આવે છે. આવી રીતે પેન્શન યોજનામાં સુધારા-વધારા દર્શાવતા અન્ય હુકમોમાં "સહાયિત" શબ્દ રદ સમજવો અને ઉપરોક્ત શરત /૧/ અને /૨/ મુજબ જે તે કીસ્સાઓ નિયમિત કરવા.

/૪/ ઉપરોક્ત ક્રમાંક /૧/ અને /૨/માં જણાવેલ શાળાઓની નોકરી અન્યથા પેન્શનપાત્ર હોવી જરૂરી છે.

/૫/ આ હુકમો પ્રાથમિક શાળાના શિક્ષકોને તાલીમ આપતા બીનસરકારી અધ્યાપન મંદિરોના કર્મચારીઓને અક્ષરશઃ લાગુ પડે છે.

આ હુકમો શિક્ષણ વિભાગની ફાઇલ ક્રમાંક એસએસએન-૧૧૭૭-૩૮૬૪-ગ ઉપર નાણાં વિભાગની સંમતિ તા. ૧૯-૭-૭૯ના રોજ મેળવી રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

/ચં. મો. કોઠારી/
સેક્શન અધિકારી,
શિક્ષણ વિભાગ

પ્રતિ,
ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી, અમદાવાદ
બધા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ.
એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ
પે એન્ડ એકાઉન્ટસ ઓફીસર, અમદાવાદ
રેસીડેન્ડ ઓડીટ ઓફીસર, અમદાવાદ
સચિવશ્રી, ગુજરાત રાજ્ય, માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
માધ્યમિક શિક્ષણક્ષેત્રે આવેલા રાજ્યકક્ષાના સંઘ-મહામંડળો
/શિક્ષણ નિયામકશ્રી મારફત/
માહિતી નિયામકશ્રી, ગાંધીનગર.
/અખબારી યાદી માટે/
બધા મંત્રીશ્રીઓના અંગત મદદનીશશ્રીઓ.